### ૪૭ વિદ્યાર્થીઓને એવોર્ડ અને મેડલ એનાયત કરાયા

# IITGNનો ૭મો પદવીદાન સમારોહ યોજાયો
# ૩૨૮ વિદ્યાર્થીઓએ સ્નાતકની ડિગ્રી મેળવી

## સંસ્થાએ નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ નામના મેળવ્યાનું ગૌરવ

। ગાંધીનગર ।

ગાંધીનગર આઈઆઈટી જીએનનો સાતમો પદવીદાન સમારંભ આજરોજ યોજાયો હતો. જેમાં ૩૨૮ વિદ્યાર્થીઓએ ગ્રેજ્યુએટની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. જેમાં બી.ટેકના ૧૧૨, બી.ટેક-એમ.ટેક ડ્યુઅલ ડીગ્રીના ૨, એમ.ટેકના ૯૬, એમએસસીના ૭૮, એમએના ૧૪, પીએચડીના ૨૪, પીજીડીઆઈઆઈટીના ૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ૪૭ વિદ્યાર્થીઓને મેડલ અને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. આજના આ સમારોહમાં ૨૧ વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ, ૧૦એ સિલ્વર અને ૧૬ વિદ્યાર્થીઓએ બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યા છે. આજે ડિગ્રી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓમાં એક ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. અને તેમની



ઉજ્જવળ કારકિર્દીની આગામી દિવસોમાં શરૂ થશે તેનો આત્મવિશ્વાસ તેમના ચહેરા પર છલકાતો જોવા મળતો હતો. વર્ષ ૨૦૦૮માં સંસ્થાનો પ્રારંભ થયો હતો અને અત્યારે ૧૦ વર્ષ પુરા થયા છે, તે દરમિયાન આ સંસ્થા નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ પોતાની આગવી ઓળખ બનાવી લીધી છે જે ખુબ જ ગૌરવની બાબત હોવાનું આઈઆઈટી(જીએન)ના ડિરેક્ટર સુધી જૈને કહ્યું હતું. તેઓએ ગ્રેજ્યુએટ થયેલા તમામ વિદ્યાર્થીઓ અને મેડલ પ્રાપ્ત કરનારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ૧૨૧ જેટલી કંપનીઓએ આઈઆઈટીGN કેમ્પસમાં રીક્રુટમેન્ટ માટે પાર્ટીસિપેટ થવા માટે આ વર્ષે ઈચ્છા દર્શાવી હતી તેમાંથી ૮૨ ટકા વિદ્યાર્થીઓને ઉંચા પગાર સાથેની નોકરી પ્રાપ્ત પણ થઈ ગઈ છે. બનાસ ડેરીએ સૌથી વધુ વિદ્યાર્થીઓને રિક્રુટ કર્યા છે. અહીંથી અભ્યાસ કરીને નીકળેલા સંખ્યાબંધ યુવાનો આજે નામાંકિત જગ્યાએ નોકરી કરી રહ્યા છે. આઈઓસી, કેડીલા ફાર્મા, ઈશરો, જીએસએફસી, એલએન્ડટી, મેગા, ટીસીએસ, ટાટા સહિતની કંપનીઓએ આઈઆઈટી કેમ્પસમાં પ્લેમેન્ટસનું આયોજન કરીને અહીંના યુવાનોને સારા પેકેજની ઓફર કરી છે.

**Title:** IIT-GN 7th Convocation ceremony, 328 students were awarded with their respective degree

**Source:** Sandesh (Gandhinagar; Pg. no. 2)

**Link:** http://sandeshepaper.in/m/155529/5b5cf80ad736b

**Date:** 29.07.2018